મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ દ્વારા સમૂહ કાંતણ સાથે ગાંધી જયંતિ ઉજવાઈ

ચિલોડા, તા. ૬

૧૯૨૦માં મહાત્મા ગાંધીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠની શતાબ્દી વર્ષ તરીકે ઊજવણી થઈ રહી છે તેવા સંજોગમાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના બીએ., એમ.એ., વિભાગ દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતિ સર્વધર્મ પ્રાર્થના સાથે, સમૂહ કાંતણ સાથે અને ગાંધી ગીતોના ગૂંજનાદ સાથે જન્મજયંતિની ઊજવણી કરવામાં આવી હતી.

સરાકરની માર્ગદર્શિકા મુજબ કોવિડ-૧૯ના સંક્રમણનો પ્રતિકાર કરવા સામાજિક દૂરીને ધ્યાનમાં રાખીને સૌ અધ્યાપક ભાઈઓ બહેનો, સૌ સેવકો ભાઈઓ-બહેનો પોતપોતાના કાર્યાલયમાં બેસીને એક કલાક પેટી રેંટીયા દ્વારા કાંતણ સેવાયજ્ઞ કર્યો હતો. સમૂહ કાંતણ યજ્ઞની સાથે સાથે મધ્યસ્થ ગ્રંથાલયના ગ્રંથપાલ જગદીશ પરીખ અને ગૃહમાતા વસંતી પરમારએ ગાંધી ગીતોના ગૂંજનાદ સાથે સતત એક કલાક સુધી ગાંધીગીતોની રમઝટ બોલાવી સંકુલના વાતાવરણને ગાંધીરંગે રંગાઈ દીધું હતું.

આ કાર્યક્રમના આયોજનથી માર્ગદર્શન આપવાનું કાર્ય સંકુલના સંયોજક રમેશભાઈ મ પટેલએ કર્યું હતું. તથા રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્યક્રમ અધિકારી ડૉ. મોતીભાઈ દેવુએ સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કરી હતી.

‘મારી ભાષા ગુજરાતી’ ઓનલાઈન મંચ પર વક્તાઓએ ગાંધીની ઓળખ આપી

ગાંધીનગર, તા. ૬

દક્ષિણ આફ્રિકામાં રેલવે મુસાફરી દરમિયાન પોતાને થયેલા અપમાન અને અન્યાયથી ગાંધીજી હિન્દુસ્તાનીઓ સાથે થઈ રહેલા અન્યાયનો અવાજ એમને સંભળાયો અને પછી એ અંતરનાદ ભારતને આઝાદ કરવા સુધીની હાકલમાં પરિણમ્યો. ગાંધીજી આફ્રિકામાં અને ભારતમાં લોકોને સંગઠિત કરવા સતત ઝઝૂમ્યા તેમાં પોતાના કુટુંબની અનેક જવાબદારીઓ નિભાવવામાં એમને અમુક અડચણો આવી અને આમ છતાં એમની ગૃહસ્થધર્મ અને સમાજધર્મ સમાંતરે રહ્યા છે.‘ ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રાધ્યાપિકા

અને જાણીતાં કવયિત્રી ડૉ. ઉષા ઉપાધ્યાયે રવિવારે ‘મારી ભાષા ગુજરાતી’ વર્ચ્યુઅલ સભામાં આમ કહ્યું. તેમણે ગાંધીજીનાં વિધાનો ટાંક્યાં કે ‘ઘરસંસાર ચલાવતાં તમે ભોગને જ પોષતા હો અને સમાજનો વિચાર ન કરો તો તે સ્વાર્થસેવા જ થઈ. કોઈપણ વસ્તુ પહેલાં ધર્મ-અધર્મનો વિચાર કરીને વિવેક આચરાય તો જ તે સમાજ સેવા થઈ.’

જાણીતા પત્રકાર અને ‘ચિત્રલેખા‘ ડિજિટલ સંપાદક કેતન ત્રિવેદીએ જણાવ્યું કે મૂળમાં એક લેખક-પત્રકાર તરીકે ગાંધી એક કુશળ વકતા (સ્માર્ટ કમ્યુનિકેટર) હતા. એમની કલમમાં લોકબોલીની પ્રવાહિતા ને વાણીમાં લોકજીવનના આત્મીય અવાજનો રણકો હતો અને એ રીતે તેઓ લોકોના હૃદય અને મન સોંસરવા પહોંચી શક્યા હતા જેને કારણે તેઓ સ્વાધીનતા ચળવળમાં વ્યાપક લોકભાગીદારી કેળવી શક્યા હતા. એમના સંપર્ક-કુનેહની જ એ તાકાત હતી કે એમની ચિરવિદાયને સાત દાયકા વીતી ગયા તોય આપણે સતત એમની હયાતી અનુભવીએ છીએ. પ્રાધ્યાપક અને યુવા વકતા ડૉ. રમજાન હસણિયાએ કહ્યું કે ધારો કે ગાંધીજી ન હોત તોપણ કદાચ આપણને કોઈ ને કોઈ રીતે આઝાદી મળી શકી હોતે, પણ ગાંધીજીના માધ્યમે સત્ય-અહિંસાની રાહે રહીને લડત ચલાવીને સ્વરાજ મળવાનો જે દિવ્યબોધ મળ્યો છે એ ન જ મળી શક્યો હોત. ‘દમણગંગા ટાઈમ્સ’ દૈનિકના નિવાસી તંત્રી વિકાસ ઉપાધ્યાયે કહ્યું કે ગાંધીજીના શ્વાસોચ્છ્વાસમાં રોમેરોમમાં રામનામ વણાઈ ગયેલું હતું પણ એમના માટે રામ તે માત્ર દસરથપુત્ર નહિ પણ એમનો રામ તો સનાતન છે.

ગાંધી જયંતિ અવસરે ‘વિવિધ સ્વરૂપમાં ગાંધી-દર્શન‘ વિષય પર દિલ્હીથી ભાગ્યેન્દ્ર પટેલે આ વેબિનારનું પરિકલ્પન-આયોજન અને સંયોજન કર્યું હતું. દિલ્હીનાં મીતા સંઘવી અને ભરૂચથી રણછોડ શાહે પણ પ્રાસંગિક ઉદગારો વ્યક્ત કર્યા હતા. અભિનેત્રી અને ઉદ્ઘોષિકા રાખી રાંકાએ વક્તાઓનો પરિચય રજૂ કર્યો હતો. આ વેબિનારમાં ગાંધીજીના પ્રિય ભજન ‘રઘુપતિ રાઘવ‘, ‘વૈષ્ણવ જન‘ તેમ જ ગોળમેજી પરિષદ માટે રવાના થતી વેળાનું પ્રશસ્તિ ગીત ‘ધોળી ટોપી ને ખાદીનો વેશ‘ અને ગાંધીજીને શ્રદ્ધાંજલી ગીત ‘એવા ગાંધી ગુજરાતે ઉતર્યા‘ની વિડિઓ શેયર કરાઈ હતી જેમાં બિંદુ મિશ્રા, ધર્મજ્ઞા રાવલ, તૃષા જાની રાવલ, અંજલી જૈન, રાખી રાંકા અને ભાગ્યેન્દ્ર પટેલે અભિનય કર્યો હતો.

કોરોના ક્ષણિકાઓ...

(૧)
વોટસ અપ કે
ફેસબુક પર સર્વત્ર એક જ મેસેજ-
સારું જીવવા ભાઇ
પોઝીટીવ બનો,
પોઝીટીવ બનો; તો કોરોના કહે-
જો પોઝીટીવ બન્યા
તો તમારી ખેર નથી, રહો માત્ર
નેગેટીવ જો જીવવું હોય વધારે તો...!!

(૨)
પાંચ-છ મહિનાથી
કોઇના ઘેર જવાતું નથી,
ડાયરા કરીને બેહાતું નથી,
માસ્કને લીધે હરખું બોલાતું નથી,
ભાઇ કોરોના તેં તો ભારે કરી..!!

(૩)
ઇશ્વરે જે ધાર્યું હશે
એ થવાનું જ છે એમ બોલનાર
પણ બાજુમાંથી કોઇ ઉધરસ
ખાતું નીકળે તો એ ય
સાવધ થઇને માસ્ક
બરાબર ફીટ કરી લે છે...

(૪)
હાશ...
હવે લગનના મોટા જમણવાર બચી જ્યા,
મોટા પાર્ટી પ્લોટના ખર્ચા ય બચ્યા,
બર્થ ડે-એનીવર્સરી - અનાવરણ-
ઉદઘાટન--મોરચા-સરઘસ બધું ય
નહિ જેવું જ- માત્ર નામ પૂરતું..
આમ કોઇ માનત નહિ હોં....
પણ કોરોના આ તો તારો ચમત્કાર...

(૫)
ભણવાનું ઓનલાઇન
કામકાજ ઓનલાઇન
ઘરમાં ય બધું ઓનલાઇન ,
પણ મારાં બેટાં છોકરાં દા’ડે દા’ડે ઓફલાઇન
ના થઇ જાય...
ભાઇ હાચવજો હોં..

- અનંત પટેલ
મો. ૯૮૯૮૪ ૦૯૦૫૩
anantpatel135@yahoo.com

શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા કોરોનાની જાગૃતિ માટે વેબિનાર યાજાયો



ગાંધીનગર, તા. ૬

ગુજકોસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતમાં લોક વિજ્ઞાન કેન્દ્રનાં માધ્યમથી કોરોના જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામા આવે છે. જેને અનુલક્ષીને નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે Covid-19 ‘Pandemic Awareness & Understanding’ વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિકભાઇ મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને Covid-19 પરિસ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ કોરોનાથી બચવા માટે સતર્કતા અને સાવચેતી રાખવાની હિમાયત કરવામાં આવી હતી. કારોનાથી બચવા માટે માસ્ક, સેનેટાઇઝર, સામાજીક અંતર જેવી બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરી હતી. ગુજકોસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિડીયોમાં એપોલો હોસ્પિટલનાં નિષ્ણાંત ડૉ. મનોજ ગુમ્બર અને ગાંધીનગરનાં જાણીતા ઓર્થોપેડિક સર્જન ડૉ. વિવેક વાછાણી વચ્ચે કોરોના વાયરસનાં લક્ષણો, બચવા માટેનાં ઉપાયો તેમજ જરૂરી સાવચેતી અંગેની પ્રશ્નોત્તરી રજૂ કરવામાં આવી હતી. કોરોનાનાં સચોટ માર્ગદર્શન માટે વિડીયો પણ બતાવવામાં આવ્યો હતો. વેબીનારમાં શાળાનાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. વેબિનારને સફળ બનાવવા માટે શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તથા વિજ્ઞાન શિક્ષક વિકમભાઇ પટેલ તથા અન્ય શિક્ષકોએ સહયોગ પૂરો પાડયો હતો.

ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા ‘શ્રેષ્ઠ વાચક સન્માન-૨૦૨૦ અર્પણ કરાયાં

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર આયોજીત ‘ગમતાં નો ગુલાલ ‘અંતર્ગત ‘મને આ પુસ્તક કેમ ગમ્યું?’ સર્જકો અને ભાવકો દ્વારા પોતે વાંચેલ પુસ્તક અંગે ૨૦૦ શબ્દો માં મૌલિક વિચારો, આસ્વાદલક્ષી સમીક્ષા પ્રશ્?તુત કરવા આહવાન કરાયું હતું જેમાં ગુજરાતી સાહિત્ય માં જુદા જુદા સ્વરૂપો માં પ્રગટ થયેલ પુસ્તકો ની કુલ ૧૬૦૦ એન્ટ્રીઓ મળી હતી.

જેમાં જાણીતા પ્રકાશકો ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય,આર.આર.શેઠ, રન્નાદે પ્રકાશન, ગુજરાત સાહિત્ય અકાદમીનાં પુસ્તકો, પ્રવિણ પ્રકાશન(રાજકોટ)નાં પુસ્તકો ને સારો પ્રતિસાદ મળ્યો હતો. જેમાં પસંદગી પામેલ લેખક/ લેખિકાઓને ઓનલાઈન ડિજીટલ સન્માન પત્રો અર્પણ કરવામાં આવેલ છે જેમાં પરિક્ષિત જોશી, ધૈવત ત્રિવેદી, અમી પટેલ, દિપક પાંગડા, નયના ઠકકર, રણછોડભાઈ પરમારનો સમાવેશ થાય છે તેમજ ભાગ લેનાર સૌને ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગરના અધ્યક્ષ નટવર હેડાઉ દ્વારા ધન્યવાદ પાઠવવામાં આવ્યા હતા.

કાંઠા પ્રાથમિક શાળા કલોલ ખાતે ગાંધી જયંતિના દિવસે મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા અને આંગણવાડી મહિલાઓ દ્વારા હેન્ડ વોશિંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તદુપરાંત બાયસેગ ઉપર વિવિધ કાર્યક્રમો પણ નિહાળવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેર એનએસયુઆઈ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે પ્રાઈવેટ સ્કૂલ અને કોલેજોની એક સત્રની ફી માફ કરવા માટેની માંગણી સાથે આંદોલન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવામાં નહીં આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર પ્રમુખ યશ પટેલ, ગુજરાત યુનિવર્સિટી વેલફેર મેમ્બર ચાવડા યશરાજસિંહ, યુથ કોંગ્રેસ શહેર-જિલ્લા પ્રમુખ કર્મજીતસિંહ વાઘેલા, એન.એસ.યુ.આઈ ગાંધીનગર જિલ્લા ઉપપ્રમુખ રૂતુરાજસિંહ વાઘેલા સહીત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

આદિત્ય ઉપાધ્યાય
મો.૯૮૭૯૭ ૭૫૭૯૫

જતિન ઓઝા
કાર્યપાલક ઈજનેર,
માર્ગ-મકાન વિભાગ,
હાલ - જામનગર
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦

હર્ષલકુમાર ઓઝા

ભૂપેન્દ્ર ડી શાહ
મો. ૯૪૨૮૮ ૦૭૬૭૦

ડૉ. નિરજકુમાર જી ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

પરમાર સંધ્યા વિનોદભાઈ

ચંદ્રકાન્ત પી પરમાર
રેડક્રોસ, ગાંધીનગર

કેતન એમ ભટ્ટ
મો. ૯૪૨૬૭ ૬૫૯૫૫

હંસાબેન રમેશકુમાર પંચાલ
મો. ૯૮૨૫૩ ૭૩૯૯૨

રમેશકુમાર હેમચંદદાસ પંચાલ
મો. ૯૩૨૮૮૭૨૬૮૯

માસ્ક પહેરો...
કોરોનાથી બચો...

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

શ્રી સોમનાથ યાત્રી સુવિધા ભવન ખાતે આવેલ ‘સ્વ.કનૈયાલાલ મુન્શી ગ્રંથાલય’ વાંચકો માટેનું ઉત્તમ સ્થાન બન્યું...

ગાંધીનગર, તા. ૬

સરકારની અનલોક-પની ગાઈડલાઈન પ્રમાણે લાઈબ્રેરીઓને નિયમાધિન શરૂ કરવા મંજુરી મળેલ છે, જેથી સોમનાથમાં ટીએફસી ભવન ખાતે વિવિધ સુવિધા સભર સ્વ.કનૈયાલાલ મુન્શી ગ્રંથાલય શરૂ કરવામાં આવેલ છે. જેમાં ધાર્મિક-આધ્યાત્મિક-નવલકથાઓ-નાટકો-જનરલ નોલેજ સહિતના અનેક પુસ્તકો ઉપલબ્ધ છે. જયાં કોરોના વૈશ્વિક મહામારી ને અનુલક્ષીને ખાસ સુરક્ષાનું સરકારની ગાઈડલાઈન મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સોશ્યલ ડીસ્ટન્સ સાથે વાંચકોને બેસવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ સ્થાન ખુબજ શાંત તેમજ પ્રાકૃતિક હોવાથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વરદાન સમું બન્યું છે, હાલમાં ગીર સોમનાથ જીલ્લાના ૩૦ થી વધુ વિદ્યાર્થીઓ અહીં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવા માટે આવે છે. ‘સ્વ.કનૈયાલાલ મુન્શી ગ્રંથાલય’ માં જોડાવા માટે મો.૯૯૭૮૬૧૪૦૨૩ પર સંપર્ક કરી શકો છો.